11

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ.રા., ગાંધીનગર
19 OCT 2022
આવક નં. ૭૭૩૮
શાખા :

પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક માટે શૈક્ષણિક લાયકાતો નક્કી કરવા બાબત - સુધારા ઠરાવ

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ : પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- ૧૫/૧૦/૨૦૨૨

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક, તા.૨૭/૦૪/૨૦૧૧.

(૨) શિક્ષણ વિભાગનો સુધારા ઠરાવ : પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક,તા.૧૪/૦૭/૨૦૧૧.

(૩) શિક્ષણ વિભાગનો સુધારા ઠરાવ : પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક, તા.૦૩/૦૫/૨૦૧૨.

(૪) શિક્ષણ વિભાગનો સુધારા ઠરાવ : પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક, તા.૧૮/૦૫/૨૦૧૨.

(૫) નામ.વડી અદાલતના એસ.સી.એ. ૧૦૧૯૯/૨૦૧૧ની તારીખ ૦૨/૧૨/૨૦૧૧નો ચુકાદો

(૬) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણના તા-૦૩/૦૩/૨૦૨૨ના પત્ર ક- પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૨/૧૯૪૪ થી મળેલ દરખાસ્ત.

(૭) ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતીની તા- ૦૨/૦૨/૨૦૨૨ની બેઠકની કાર્યવાહી નોંધ

**પ્રસ્તાવના :**

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) અને વખતો વખતના સુધારા ઠરાવ સંદર્ભ (૨), (૩) અને (૪) થી જિલ્લા શિક્ષણ સમિતિ નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા માટે પ્રાથમિક શિક્ષકોની ભરતી માટેની લઘુત્તમ લાયકાતો નક્કી કરવામાં આવેલ હતી. જેમાં સંદર્ભ-(૫) મુજબના નામ.વડી અદાલતના ચુકાદા મુજબ સામાજિક વિજ્ઞાન વિષયના વિદ્યાસહાયકો માટે બી.એ. સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન કે તત્વજ્ઞાનના મુખ્ય વિષય સાથે ઉતિર્ણ કરેલ હોય તેવા ઉમેદવારોની લાયકાતને માન્ય ગણવા અને ગણિત-વિજ્ઞાન વિષયના વિદ્યાસહાયકો માટે બી.એસ.સી.ની સ્નાતકની પદવીમાં પણ કોઈપણ મુખ્ય વિષય સાથે પાસ કરેલ હોય અને આવા અરજદારોએ ટેટ-૨ ની પરીક્ષા ઉતિર્ણ કરેલ હોય તો તેમની લાયકાતો એન.સી.ટી.ઈ.ના નોર્મ્સ મુજબ માન્ય ગણવા અને નિમણૂંક આપવા નિર્દેશ કરેલ હતો. જે અન્વયે સંદર્ભ ક્રમાંક (૬) મુજબની નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

નીતિ ભરતી

જિલ્લા શિક્ષણ સમિતિ
જિલ્લા પંચાયત રાજકોટ.
ઈન્વર્ડ નંબર: 14722
તા. ૨૫/૧૦/૨૨

Scanned with CamScanner

**સુધારા-ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણના વંચાણે લીધેલ ક્રમાંક-(૬)ના પત્ર મુજબની દરખાસ્ત તથા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિની તારીખ ૦૨/૦૨/૨૦૨૨ ની બેઠકની કાર્યવાહી નોંધ (સંદર્ભ-૭) ધ્યાને લઇ સંદર્ભિત ક્રમાંક (૧) થી (૪) ની મૂળ જોગવાઇમાં નીચે મુજબ સુધારા ઠરાવ આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

| સંદર્ભ | મૂળ જોગવાઇ | સુધારો |
|---|---|---|
| તા. ૨૭/૪/૨૦૧૧ તથા અન્ય સુધારા ઠરાવના ફકરા ૨(અ) (I), અને ફકરા ૨(ક) (I) | ફકરા ૨(અ) (I) બી.એસ.સી. પછી ગણિત, આંકડાશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, બાયોલોજી અને ભૂસ્તર વિજ્ઞાન પૈકી કોઈપણ એક અથવા વધારે મુખ્ય વિષય સાથે | બી.એસ.સી.-કોઈ પણ મુખ્ય વિષય સાથે |
| | ફકરા ૨ (ક) (I) બી.એ./બી.આર.એસ./બી.એસ.એસ.સી. (ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) અને બી.કોમ(અર્થશાસ્ત્ર) એમ.એ., એમ.આર.એસ. (ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર) તથા એમ.કોમ (અર્થશાસ્ત્ર) | બી.એ./બી.આર.એસ./બી.એસ.એસ.સી. (ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન જેવા વિષય સાથે) અને બી.કોમ (અર્થશાસ્ત્ર) એમ.એ., એમ.આર.એસ. (ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન જેવા વિષય સાથે) તથા એમ.કોમ (અર્થશાસ્ત્ર) |

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૪)ના ઠરાવોની અન્ય વિગતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જયશ્રી દેવાંગન

(જયશ્રી દેવાંગન)
સંયુક્ત સચિવ

ઈ.નં.84175

ક્રમાંક:પ્રાશિનિ/ક-નીતિ/2022/૬૯૫૮-૬૦૦૧
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા. ૨૦ /10/2022

નકલ રવાના જાણ સારૂ:-
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

(ડૉ.એસ. પી. ચૌધરી)
સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

નકલ સવિનય રવાના:-
- સંયુક્ત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના: - શાખા અધિક્ષકશ્રી, ભરતી શાખા, સદર કચેરી

જા.નં.પ્રા.શિ/મહેકમ/બદલી/૩૬૨ તા. ૨૧/૧૦/૨૨

પ્રતિ,
તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
તમામ, જી. રાજકોટ
ઉક્ત પરિપત્રની વિગતે આપની શાખાને જાણ કરી તે મુજબ કાર્યવાહી કરવી.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત, રાજકોટ.

Scanned with CamScanner